<table>
<tr><td colspan="4">કેસ દાખલ તારીખ</td><td colspan="3">૦૨.૦૬.૨૦૨૫</td></tr>
<tr><td colspan="4">કેસ પ્રાપ્ત તારીખ</td><td colspan="3">૦૨.૦૬.૨૦૨૫</td></tr>
<tr><td colspan="4">કેસ ફેસલ તારીખ</td><td colspan="3">૧૮.૦૩.૨૦૨૬</td></tr>
<tr><td>અવધી</td><td>૦૦</td><td>વર્ષ</td><td>૦૯</td><td>માસ</td><td>૧૬</td><td>દિવસ</td></tr>
</table>

## ધોળકાના મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.

ફોજદારી કેસ નંબર ૩૫૦૪/૨૦૨૫

**આંક– ૧૫**

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર.**

**// વિરુદ્ધ //**

**આરોપીઓઃ–** (૧) **ગોપાલભાઈ આત્મારામભાઈ ઠાકોર,**

(૨) **ગોવિંદભાઈ આત્મારામભાઈ ઠાકોર**

બંને રહે.જલાલપુર વજીફા ગામ, સરકારી નર્સરીની સામે, આંબાવાળો કુવો, તા.ધોળકા. જી.અમદાવાદ.

**બાબતઃ–** બી.એન.એસ. એક્ટની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબ.

ફરિયાદ પક્ષ તરફે **વિ.એ. પી. પી શ્રી કે.જી.વાઘેલા**

આરોપી પક્ષ તરફે **વિ. વકીલશ્રી જે.જી.પટેલ**

**// ચુ કા દો //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૦.૩.૨૦૨૫ ના રોજ કલાક ૧૦.૩૦ વાગ્યાની આસપાસના સમયે મોજે જલાલપુર વજીફા ગામ, સરકારી નર્સરીની સામે, આંબાવાળો કુવો, તા.ધોળકા, જી.અમદાવાદ ખાતે આ કામના આરોપી નં.૧ ના ટામેટીવાળા ખેતરમાં સીઝન પુરી થઇ ગયેલ હોય અને ઉલારીયો કરેલ હોય જેથી

ગામની ભેંસોને ચરવા માટે ખેતર ખુલ્લુ મુકેલ હોય જેથી આ કામના ફરીયાદી પોતાની ભેંસ લઇ ત્યાં ચરાવવા ગયેલ હોય અને આરોપી નં.૧ ના બીજા ખેરતમરાં ટામેટી વીણવાની બાકી હોય જેમાં ઉલારીયો કરેલ  ન હોય જેમાં એક ભેંસ ઉભેલ હોય જે બાબતે આ કામના આરોપી નં.૧ સાથે ફરીયાદીને બોલાચાલી ઝઘડો થતા આરોપી નં.૧ ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલી ફરીયાદીને મોઢા ઉપર બે ત્રણ ઝાપટ મારી મુઢ ઇજા કરી તેમજ ઝઘડા દરમ્યાન આ કામના આરોપી નં.૧ નાઓ લોખંડની કોસ લઇ આવે તેમજ આરોપી નં.૨ નાએ તલવાર લઇ આવી સાહેદ રોહિતભાઇને માથાના બાગે તલવાર મારી લોહીની કુટ કરી તેમજ ફરીયાદીને મુઢ ઇજા પહોંચાડી જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી તથા મે.અધિક જીલ્લા મેજી.શ્રી અમદાવાદ ગ્રામ્યનાઓના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યા બાબતની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરુદ્ધ સંબંધિત પોલીસ સ્ટેશનમાં નોંધાવતા, સદર ફરિયાદ નોંધી લેવામાં આવેલ અને ફરિયાદ ત. ક. અમલદારને તપાસ કરવા માટે ડેપ્યુટ થતાં, ત. ક. અમલદાર દ્વારા ફરિયાદ અન્વયે તપાસ કરેલ, જેમાં આરોપીઓ સામે તપાસ કરતાં, પુરતો પુરાવો મળી આવતા, ત.ક.અમલદાર દ્વારા આરોપી સામે સદર ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદીની સદર ફરીયાદ રજીસ્ટરે દાખલ કરી આરોપીઓ સામે બી.એન.એસ.ની કલમ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે જેની ધોરણસરની બજવણી આરોપી ઓને થતાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ મુજબ આરોપીઓને ફરીયાદપક્ષ ના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિના મૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. બાદ આંક–૫ થી તહોમતનામું ઘડવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓની ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૧ પ્લી આંક–૬, ૭ થી પ્લી લેવામાં આવતાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો સ્પષ્ટપણે ઇન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક રજૂ કરવામાં  આવેલા છે.

| ક્રમ | સાહેદની વિગત | સાહેદનું નામ | આંક |
|---|---|---|---|
| ૧ | ફરીયાદીની જુબાની | કનુભાઈ નારણભાઈ ચુનારા | ૦૯ |
| ૨ | સાહેદની જુબાની | રોહિતભાઈ કનુભાઈ ચુનારા | ૧૧ |

(૪) આ કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા છે.

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું. | ૧૨ |
| ૩ | મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામુ. | ૧૩ |

(૫) ફરીયાદ પક્ષે આંક–૧૪ થી રજૂ પુરસીસ આપી પોતાનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ હેઠળ વધારાનું નિવેદન રેકર્ડ કરવાની જરૂરીયાત જણાતી ના હોય વિશેષ નિવેદન રોકર્ડ કરવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રીને તથા આરોપી તરફે વિ. વકીલશ્રી ને સાંભળવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શુ ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૦.૦૩.૨૦૨૫ ના રોજ કલાક ૧૦.૩૦ વાગ્યાની આસપાસના સમયે મોજે જલાલપુર વજીફા ગામ, સરકારી નર્સરીની સામે, આંબાવાળો કુવો, તા.ધોળકા, જી.અમદાવાદ ખાતે આ કામના આરોપી નં.૧ નાઓના ટામેટીવાળા ખેતરમાં સીઝન પુરી થઇ ગયેલ હોય અને ઉલારીયો કરેલ હોય જેથી ગામની ભેંસોને ચરવા માટે ખેતર ખુલ્લુ મુકેલ હોય જેથી આ કામના ફરીયાદી પોતાની ભેંસ લઇ ત્યાં ચરાવવા ગયેલ હોય અને આરોપી નં.૧ ના બીજા ખેરતમરાં ટામેટી વીણવાની બાકી હોય જેમાં ઉલારીયો કરેલ ન હોય જેમાં એક ભેંસ ઉભેલ હોય જે બાબતે આ કામના આરોપી નં.૧ નાઓ સાથે ફરીયાદીને બોલાચાલી ઝઘડો થતા આરોપી નં.૧ નાએ ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલી ફરીયાદીને મોઢા ઉપર બે ત્રણ ઝાપટ મારી મુઢ ઈજા કરી તેમજ ઝઘડા દરમ્યાન આ કામના આરોપી નં.૧ નાઓ લોખંડની કોસ લઇ આવે તેમજ આરોપી નં.૨ નાએ તલવાર લઇ આવી સાહેદ રોહિતભાઈને માથાના બાગે તલવાર મારી લોહીની કુટ કરી તેમજ ફરીયાદીને મુઢ ઈજા પહોંચાડી જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની

મદદગારી કરી તથા મે.અધિક જીલ્લા મેજી.શ્રી અમદાવાદ ગ્રામ્યનાઓના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ. એક્ટની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો, આ પછી તરત જ દર્શાવેલ કારણો તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## *//નિર્ણય માટેના કારણો //*

**(૮)** ***મુદ્દા નંબર ૧ ની ચર્ચા:–*** આ કામે આરોપીઓ વિરુદ્ધ બી.એન.એસ. એક્ટની કલમ– ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાની ફરીયાદ દાખલ થયેલ છે. આ સંજોગોમાં ફરીયાદ પક્ષ તરફે બી.એન.એસ. એક્ટની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબની જોગવાઈના આવશ્યક તત્વો નિઃશંકપણે પુરવાર કરવાના રહે છે. ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ (સંક્ષિપ્તમાં"પુરાવા અધિનિયમ")ની કલમ–૧૦૧ અન્વયે પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર છે.

**(૯)** આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદી કનુભાઈ નારણભાઈ ચુનારાનાઓને આંક–૯ થી સોગંદ પરની જુબાનીમાં જણાવેલ કે, આજથી એકાદ વર્ષ પહેલા સવારે તેમની ભેસ ચરાવવા ગયેલા ત્યારે ભેસ ચરાવતા ત્યા ઉભેલા ગોપાલભાઈ ઠાકોરના ખેતર આગળ જઇને ભેસ ચરતી હતી, સદર ખેતરમા ટામેટી વીણી લીધી હોઈ ઉલારીયો કરેલ હોઈ બીજી ભેસો ચરતી હતી તે વખતે ગોપાલભાઇના ઠાકોરના બીજા ખેતરમા ટામેટી વીણવાની બાકી હોઇ તેઓએ તેમને અહિયા ભેસ ચરાવવાની ના પાડેલ અને તે સમયે તેમના ખેતરમા અન્ય કોઈની ભેસ ચરતી હોવાની ગેરસમજ હોઇ તેઓને બોલાચાલી થયેલી અને ત્યા સામાન્ય ઝપાઝપી થયેલી, જેમા પડી જવાથી તેમના

દિકરાને માથામા ઇજા થયેલી. આ સિવાય કાંઇ બનેલ નહી. તેમજ તેઓએ પોલીસને આજ રોજ જણાવ્યા સિવાયની કોઇ હકીકત લખાવેલી નહી. તેઓએ આંક–૧૦ થી રજૂ ફરીયાદમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ. આમ, સદર ફરીયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિ. એ.પી.પી. શ્રી દ્બારા ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઇ હકીકત જણાવેલ નહી. ત્યારબાદ બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્બારા સદર ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવતા તેઓએ એ વાત સ્વીકારેલ કે, તેઓને સામાન્ય બોલાચાલી સિવાય કાંઇ બનેલુ નહી. તેમજ તેઓને અંદરો અંદર સમાધાન થઇ ગયેલ છે અને હાલ સારા સંબંધો છે. તેમજ તેમને અને તેમના દિકરાની ધકકામુક્કિમા પડી જવાથી ઇજાઓ થયેલી તેમજ તેઓને સમાધાન થઇ ગયેલ હોવાથી કેસ ચલાવવો નથી કે કોઇ પુરાવો આપવો નથી.

(૧૦) આ કામે ફરીયાદ પક્ષે સાહેદ રોહિતભાઈ કનુભાઈ ચુનારાનાઓને આંક–૧૧ થી તપાસેલ છે તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ કે, આજથી એકાદ વર્ષ પહેલા તેમને વાતોવાતથી જાણવા મળેલ કે તેમના પિતાનો તેમના ગામના ગોપાલભાઈ સાથે ઝગડો થયેલ છે ત્યારે સ્થળ પર જઇને જોતા ગોપાલભાઇની તેમના પિતા સાથે ઝગડો થતો હતો તેમજ તેઓની વચ્ચે ઝપાઝપી થતી હતી અને તેઓને વચ્ચે પડી છોડાવેલ અને તેઓ પડી જતા માથામા ઇજા થયેલી. જેથી તેમને પાર્શ્વનાથ હોસ્પિટલ સારવાર માટે લઇ ગયેલ. પાર્શ્વનાથ હોસ્પ્ટલમાથી તેમના પિતાજીને કોઇ સારવાર લીધેલ નહી. તેઓએ પોલીસને કોઇ જવાબ લખાવેલ નહી. આ સિવાય કાઇ બનેલ નહી. આમ, સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિ. એ.પી.પી. શ્રી દ્બારા ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઇ હકીકત જણાવેલ નહી. ત્યારબાદ બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્બારા સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવતા તેઓએ એ વાત સ્વીકારેલ કે, તેઓને સામાન્ય બોલાચાલી સિવાય કાંઇ બનેલુ નહી. તેમજ તેઓને અંદરો અંદર સમાધાન થઇ ગયેલ છે અને હાલ સારા સંબંધો છે. તેમજ ગાળાગાળી થયેલ નહી. તેમજ તેઓને સમાધાન થઇ ગયેલ હોવાથી કેસ ચલાવવો નથી કે કોઇ પુરાવો આપવો નથી.

(૧૧) સમગ્ર પુરાવાથી આરોપીએ આક્ષેપિત કૃત્ય કરેલ હોય તેવું જણાઈ આવતું નથી. સદર સંજોગોમાં ફરીયાદી તથા સાહેદની સોગંદ ઉપરની જુબાનીથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો પુરાવો મળતો નથી. જેથી તેમની જુબાની પર આધાર રાખી આરોપીની આક્ષેપિત ગુનામાં સંડોવણી હોવાનું માની શકાય નહીં. વધુમાં આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે અને હવે તેઓ વચ્ચે કોઈ તકરાર નથી એવું પુરાવા પરથી જણાઈ આવે છે. આમ, ઉપરોકત CSLST અને ચર્ચાને ધ્યાનમાં લઈ અને ચર્ચાને ધ્યાનમાં લઈ મુદ્દા નં.૧ નો જવાબ 'નકાર'માં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

(૧) આ કામે આરોપી નં.૧ ગોપાલભાઈ આત્મારામભાઈ ઠાકોર, તથા નં.૨ ગોવિંદભાઈ આત્મારામભાઈ ઠાકોર બંને રહે.જલાલપુર વજીફા ગામ, સરકારી નર્સરીની સામે, આંબાવાળો કુવો, તા.ધોળકા. જી.અમદાવાદનાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ –૨૪૮(૧) અન્વયે બી.એન.એસ. એક્ટની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનાં ગુના સબબનાં કામે પુરતા પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આથી આરોપીઓને આદેશ આપવામાં આવે છે કે સી.આર.પી.સી. કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમય સુધીના રૂ.૫,૦૦૦/–જાત જામીન તથા તેટલીજ રકમના સધ્ધર જામીન હુકમની તારીખથી છ માસ માટેની સમય મર્યાદા માટે રજુ કરવા.

(૩) મુદ્દામાલ અંગે અગાઉ કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૮મી, માહે–માર્ચ , સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮–૦૩–૨૦૨૬
સ્થળ: ધોળકા

**(એન. બી. મુનશી)**
એડી. ચીફ. જ્યુડીશિયલ મેજી., ધોળકા.
**યુનીક કોડ નં. જી.જે.૦૦૭૩૫**

આર જે.ગોહેલ (પી.એ.)